For Private Circulation Only

# B.P.A.

## Quarterly Activities Report

Devoted to Comprehensive

YEAR 2025 ▲ VOLUME:IV ▲ October-December2025 (This Bulletin is available on website: www.bpaindia.org)

QUARTERLY ACTIVITIES REPORT

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

### બેલાબેન અને યોગેશભાઈ પુનર્વસન કેન્દ્ર-ભૂમિ પૂજન



બેલાબેન અને યોગેશભાઈ પુનર્વસન કેન્દ્રનો શિલાન્યાસ બારેજા હેલ્થ કેમ્પસ ખાતે તારીખ 01 ઓક્ટોબર 2025નાં રોજ થયો હતો. આ ભૂમિપૂજન સમયે બીપીએનાં ઉપપ્રમુખશ્રી અને મુખ્ય દાતાશ્રી યોગેશભાઈના સ્નેહીશ્રી ક્ષિતીજ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત હતા.

આ પુનર્વસન કેન્દ્ર આંખની હોસ્પિટલની સાથે સંયોજન સહ પ્રથમ કેન્દ્ર બની રહેશે. આ કેન્દ્રમાં નવા દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓને અંધત્વમાં તાલીમ સહ ટેકનોલોજીમાં તાલીમ આપવામાં મદદકર્તા બની રહેશે. શ્રી યોગેશભાઈ પટેલ બીપીએનાં ખૂબજ સમર્પિત દાતાશ્રી રહ્યા છે. તેઓએ બારેજા ખાતે નવા વિક્સીત આધુનિક ઓપરેશન થિયેટર, ભોજનશાળા તેમજ વાત્રક ખાતે આંખની હોસ્પિટલને ભંડોળ પૂરૂ પાડ્યુ છે. જે નામ શ્રીમતી બેલાબેન અને શ્રી યોગેશભાઈ આંખની હોસ્પિટલ રાખવામાં આવ્યું છે.

### એવર્ડ કાર્યક્રમ ઉત્તરપ્રદેશ



3 ડિસેમ્બર વિશ્વ વિક્લાંગ દિવસે દિવ્યાંગતા ક્ષેત્રે વિશિષ્ટ કાર્યના સન્માનરૂપે એવોર્ડ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના વારાણસીનાં મ્યુનિસિપલ કમિશનરશ્રી હિમાંશુ નાગપાલને અપંગતા માટેના તેમના કાર્ય માટે તેમજ બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર કું. કિન્નરી દેસાઈને વારાણસીમાં દિવ્યાંગ મહિલાઓને સ્વનિર્ભર કરવાના ઉત્કૃષ્ઠ કાર્ય માટે યુપીના મુખ્યમંત્રીશ્રી યોગીજી દ્વારા તેઓના વરદ્ હસ્તે એવોર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## દશેરા પૂજન







દર વર્ષે પરંપરાગત રીતે સાંસ્કૃતિક તહેવાર દશેરાપૂજન બીપીએ દ્વારા ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ તારીખ 2 ઓક્ટોબર 2025નાં રોજ વર્કશોપ અને કૌશલ્ય કેન્દ્ર ખાતે દશેરાપૂજન મંત્રોચ્ચાર સહ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, કર્મચારીગણ, તેમજ તાલીમાર્થીઓ પૂજામાં રહ્યાં હતા તેમજ ફાફડા જલેબીના નાસ્તાનો આનંદ માણ્યો હતો.




## સંભવ 2025

દિવ્યાંગજનોની પ્રતિભા (આંતરિક કૌશલ્ય)ને ઉજાગર કરવા માટેનું એક પ્લેટફોર્મ સંભવ-2025માં બીપીએના ડાન્સ ટ્રેપે દિલ્હી ખાતે એસોસીએશન ફોર લર્નીંગ પર્ફોમીંગ આર્ટ્સ એન્ડ નોર્મેટિવ એક્શન (અલ્પાના) નેજા તળે ભાગ લીધો હતો.

## મુનિશ્રી 48માં અવતાર પ્રસંગે અનુદાન



પૂજનીય મુનીશ્રી મહારાજ સાહેબ સુનિલ સાગરજીનાં 48 માં અવતાર પ્રસંગે બીપીએ માટે 3 લાખથી વધુની રકમની ઘોષણા કરવામાં આવી હતી. આ અનુદાન બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈને દિવ્યાંગજનોના હિતાર્થે આપવામાં આવશે.







## માનસિક આરોગ્ય જનજાગૃતિ રેલી

બીપીએ (ઈન્ડિયા) અને લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર (મોસ્ટલી ઓફ ધી બ્લાઈન્ડ) જેમાં વિશેષ દ્રષ્ટિહીનોનો સમાવેશ થાય છે. આ બંનેના સંયુક્ત ઉપક્રમે તા. 7 ઓક્ટોબર 2025નાં રોજ વસ્ત્રાપુર તળાવથી બીપીએ સુધી માનસિક સ્વાસ્થ્ય આરોગ્ય જાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં 3232B2 નાં બીપીએનાં અધિકારીશ્રીઓ અને જિલ્લા ગવર્નરશ્રી ઉપસ્થિત રહ્યાં હતા.

## સાંકેતિક ભાષા વર્કશોપ

અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે તારીખ 10 ઓક્ટોબર 2025નાં રોજ બીપીએનાં વિશિષ્ટ શિક્ષીકા શ્રી ચૈતાલીબેન તેમજ ધરતીબેનને સાંકેતિક ભાષા અને બ્રેઈલ ઉપર પ્રેક્ટિકલ ઓરિએન્ટેશનમાં શૈક્ષણિક વ્યવહારૂ રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.





## ચેરિટી દાન



જૂના કપડા તેમજ વિવિધ બિનજરૂરી ઘરની વસ્તુઓનું દાન બીપીએનાં પ્રમુખશ્રી રોહિતભાઈ શાહ અને પ્રાર્થના વિહાર બંગલોનાં રહેવાસીઓએ તારીખ 9 ઓક્ટોબર 2025નાં રોજ આપીને સાથે રૂ.21,100/-નું દાન કર્યું હતું.

## સંમ્મિલિત શાળા



બીપીએ સંચાલિત સંમ્મિલિત શાળાનું નામકરણમાં શ્રીમતી રીનાબેન અને શ્રી પ્રવિણભાઈ ભગવતીએ પ્રવિણ મંદાકિની ભગવતી સવિનય સંમ્મિલિત વિદ્યાલય કરવા માટે રૂ.1.5 કરોડનું અનુદાન આપ્યું હતું. આ શાળા એક સંમ્મિલિત શાળા છે. જેમાં વિક્લાંગ અને બિન વિક્લાંગ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળા તમામ રાષ્ટ્રીય દિવસો અને તહેવારો તેમજ દિવ્યાંગજનોના ખાસ દિવસોની પણ ઉજવણી કરે છે. બાવળાની આ સવિનય સંમ્મિલિત શાળામાં નવરાત્રી ઉત્સવ તા. 1 ઓક્ટોબર 2025નાં રોજ આયોજીત કર્યો હતો તેમજ તેમાં શાળાનાં દિવ્યાંગ બાળકોએ હર્ષોલ્લાસ સાથે નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી.

## ડી.જે.નાઈટ સ્વાભિમાન



દ્રષ્ટિક્ષતિ, શ્રવણમંદ, મગજનો લકવો, માનસિક મંદતા અને બહુ વિક્લાંગતા ધરાવતા ભૂલકાઓ માટે તારીખ 11 ઓક્ટોબર 2025નાં રોજ બીપીએ કેમ્પસમાં શનિવારનો દિવસ યાદગાર બની રહ્યો હતો. આ ભૂલકાઓએ અન્ય સામાન્ય વ્યક્તિઓની જેમજ ડાન્સ અને નૃત્યકલાનો ઉલ્લાસમય આનંદ માણ્યો હતો. આ સ્વાભિમાન ગૃપ દ્વારા એક મનોરંજક ડી.જેનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંધ્ય સંગીત કાર્યક્રમમાં બીપીએનાં વિદ્યાર્થીઓ તેમજ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં સંગીત ખુરશી રમત, દોરડા ખેચ, પાસીંગ ધ પાસ અને અન્ય મસ્તીભરી રમતો રમ્યા હતા. સાંજના ભવ્ય સમાપન કાર્યક્રમમાં ડાન્સપાર્ટીમાં ભૂલકાઓ રમતો રમ્યા હતા તેમજ સારી રમતો રમનાર અને સારૂ પર્ફોર્મન્સ કરનારને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. સ્વાભિમાન ગૃપ દ્વારા આ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું અને તેમના પ્રવક્તા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમે સમગ્ર વ્યક્તિઓને એક સંદેશ આપીએ છીએ કે દિવ્યાંગ વ્યક્તિઓ પણ અન્ય વ્યક્તિઓની જેમ નૃત્ય, સંગીત અને રમતો રમવાનો પણ આનંદ માણે છે.

## સ્પે. ઓલમ્પિક્સમાં દ્વિતીય સ્થાન






સ્પે. ઓલમ્પિક્સ ઓડિશા ખાતે યોજાયો હતો તેમાં બીપીએ એમ.એસ.એમ નાઝ સેન્ટરની વિદ્યાર્થીની અનામી - નેશનલ ચેમ્પિયન્સમાં બાસ્કેટબોલ વિભાગમાં ભાગ લીધો હતો. આ મેરથોનનું આયોજન અરવિંદ ફેશન્સ દ્વારા તારીખ 12 ઓક્ટોબર 2025નાં રોજ કરવામાં આવ્યું હતું. આ 2.5 કિમીની દોડ પૂર્ણ કરતાં મેડલ અને પ્રમાણપત્રો વિજેતા રમતવીરોને પ્રાપ્ત થયા હતા.

## મેરથન-બીપીએ વિદ્યાર્થીઓ




મેરથોનમાં બીપીએનાં 20 પેરા એથ્લેટીક્સ અને 12 ગાઈડ પાર્ટીસીપેટ્સને 2.5 કિ.મીની દોડમાં ભાગ લીધો હતો. મેરથોનનું આયોજન અરવિંદ ફેશન્સ દ્વારા તારીખ 12 ઓક્ટોબર 2025 નાં રોજ કરવામાં આવ્યું હતું. આ 2.5 કિ.મીની દોડ પૂર્ણ કરતાં મેડલ અને પ્રમાણપત્રો રમતવીરોએ પ્રાપ્ત કર્યો હતો.

## પર્પલ ફેસ્ટ ગોવા

બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રીમતી કિન્નરીબેન દેસાઈએ તારીખ 12 ઓક્ટોબર 2025નાં રોજ ગોવા ખાતે પર્પલ ફેસ્ટમાં જેન્ડર અને ટેકનોલોજી વર્કશોપમાં ઉપસ્થિત રહ્યાં હતા. તેઓએ વોઈસઓફ એસએપીનાં સ્થાપક શ્રી પ્રણવ દેસાઈ સાથે મુલાકાત કરી હતી.





## જીએમડીસી કાર્યક્રમ



સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે તારીખ 13 ઓક્ટોબર 2025નાં રોજ જીએમડીસી દ્વારા દિવ્યાંગ બહેનો માટે રંગોળી સ્પર્ધા અને હેર સ્ટાઈલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વોકલ ફોર લોકલ એનજીઓ મેળો

કેટલાક એનજીઓ દ્વારા સીએસઆર પ્રવૃતિઓમાં સહાય સાથે તે જગ્યાએ દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વસ્તુઓ એટલે કે બેગ, પાઉચ, પર્સ, સાડી, કવર, પૂજા આસન અને ઘણી બધી વસ્તુઓ પ્રદર્શિત કરી હતી. અમોને આ જગ્યાએ સ્ટાફ અને મેનેજમેન્ટ દ્વારા સારો પ્રતિસાદ આપ્યો હતો અને ભોજન વ્યવસ્થા પણ કરી હતી.





## વિશ્વ અન્ન દિવસ




વિશ્વ ખાદ્ય દિવસે આઈટીસી નર્મદા હોટલમાં ખાદ્ય દાન જાગૃતિ કાર્યક્રમ તારીખ 15 ઓક્ટોબર 2025નાં રોજ થયો હતો. તેમાં બીપીએનાં હોસ્ટેલ સુપરવાઈઝર શ્રી પરિતોષ દવે એ ખોરાક વ્યવસ્થાપન પધ્ધતિ અંતર્ગત ખ્યાલ આપ્યો હતો.

## એક્ઝીબીશન વોકેશનલ ટીમ





વોકેશનલ તાલીમ યુનિટ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ વસ્તુઓને જુદાજુદા સ્થળે પ્રદર્શિત કરવામાં આવી હતી. બીપીએના વ્યાવસાયિક એકમમાં બહુવિધ વિકલાંગતા ધરાવતાં તાલીમાર્થીઓએ આ ચીજવસ્તુઓ તૈયાર કરી હતી.

## સ્નેહમિલન કાર્યક્રમ-2025




બ્લાઈન્ડપીપલ્સએસોસીએશન દર વર્ષે સંસ્થાનાં સ્ટાફ માટે દિવાળીની ટુંકી રજાઓ આપે છે. જ્યારે નવા વર્ષમાં ઓફીસ ખૂલે ત્યારે એક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે છે. જ્યાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને દાતાઓ તેમજ શુભેચ્છકો એકબીજાને નૂતનવર્ષાભિનંદન પાઠવે છે અને સાથે ભોજન લે છે અને સ્ટાફની સિધ્ધીઓ અને નવા પ્રોજેક્ટ ઉપર ચર્ચા કરવામાં આવે છે.

## આંતરરાષ્ટ્રીય લાયન પ્રતિનિધિ મુલાકાત



30 ભૂતપૂર્વ ઈન્ટરનેશન ડાયરેક્ટરશ્રીઓ અને કાર્યરત ડાયરેક્ટરોએ તારીખ 16 ઓક્ટોબર 2025નાં રોજ બીપીએની મુલાકાતમાં તેઓએ સ્પે. પ્રવૃતિઓ દિવ્યાંગ ભૂલકાઓને નહાળી હતી સાથે મ્યુઝિયમ વિઝન ઈન ધ ડાર્કની પણ મુલાકત લીધી હતી.

## ફૂટબોલ ચેમ્પીયનશીપ



બ્લાઈન્ડ ઈન્ટરનેશનલ ફુટબોલ ચેમ્પીયનશીપ કાંચી કેરાલા ખાતે તારીખ 12 થી 26 ઓક્ટોબર 2025નાં રોજ યોજાય હતી. તેમાં દ્રષ્ટિક્ષતિ ફુટબોલર ખેલાડીઓ વિષ્ણુ, વિજય, રોહિત, નિરમા, ચેતના, માધી અને હિરાએ ભાગ લીધો હતો.

## ચેસ ટુર્નામેન્ટ




કોનકોર્ડ બાયોટેક દ્વારા પ્રાયોજીત રાષ્ટ્રીય ચેસ ચેમ્પીયનશીપનું આયોજન 31 ઓક્ટોબરથી 2 નવેમ્બર 2025 દરમ્યાન કરવામાં આવ્યું હતું. કોનકોર્ડ બાયોટેક નિયમિત દાતાશ્રી છે. જે રમતગમત અને એથ્લેટિક્સને ટેકો આપે છે. કોનકોર્ડ ધોળકા અને માતર ખાતે બીપીએ હોસ્પિટલ વિઝન સેન્ટરને પણ પ્રાયોજીત કરી રહ્યું છે.

## માનસિક સ્વાસ્થ્ય પરિસંવાદ







સેન્સ ઈન્ડિયા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લીક હેલ્થ અને હોસ્પિટલ ફોર મેન્ટલ હેલ્થ ગુજરાત સરકારશ્રીના સંયુક્ત ઉપક્રમે માનસિક સ્વાસ્થ્ય પરિસંવાદનું આયોજન તારીખ 1 નવેમ્બર 2025નાં રોજ કરવામાં આવ્યું હતું. પરિસંવાદનાં માનસિક સુખાકારીનાં મહત્વ વિષયક બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલે સમજ આપી હતી. તેમજ આ કાર્યક્રમમાં શ્રવણમંદતા સહ અંધત્વ ધરાવતા (બહુવિકલાંગ) ભૂલકાઓનાં વાલી, પરિવારો અને વિશિષ્ટ શિક્ષકશ્રીઓએ આ મહત્વપૂર્ણ સેમીનારમાં હાજર રહ્યાં હતાં.

## આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ




રિહેબીલીટેશન ઈન્ટરનેશનલ ન્યુયોર્કના સહયોગથી અમર જ્યોતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર, ન્યુ દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.
આ કોન્ફરન્સમાં બીપીએના શ્રી ડૉ.ભુષણપુનાની, સેન્સ ઈંડિયાના ડાયરેક્ટરશ્રી અખિલ પોલ, બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ, શ્રી કિન્નરીબેન દેસાઈ પાર્ટીસીપેટ્સ રહ્યા હતા. આ કાર્યક્રમ તારીખ 3 થી 5 નવેમ્બર 2025 સુધી યોજાયો તેમાં ચાર તજજ્ઞશ્રીઓએ દિવ્યાંગતા, પુનર્વસન અને દિવ્યાંગજનોના અધિકારો પર ગહન સમજ કોન્ફરન્સમાં આવેલા 600 વ્યક્તિઓને આપી હતી. આમ પણ એક રેકોર્ડ ગણાવી શકાય કે સમગ્ર કોન્ફરન્સના ચેરપર્સન તરીકે બીપીએના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી શ્રીમતી નંદિનીબેન રાવલે તેમજ સેન્સ ઈન્ડિયાની એક્ઝીક્યુટીવ મીટીંગમાં ભુવનેશ્વરમાં બોર્ડ મિટીંગમાં ઉપસ્થિત રહ્યાં હતા.

## ફીઝીયોથેરાપી સ્નેહમિલન કાર્યક્રમ



બીપીએ અને એનઆરજી સ્કુલ ઓફ ફિઝીયોથેરાપીનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન કાર્યક્રમ બીપીએ ખાતે તારીખ 8 અને 9 દ્વિતીય દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.
બીપીએમાં 1982માં ફિજીયો કોર્સ કરેલા વિદ્યાર્થીઓથી લઈને જેઓએ ગત વર્ષે કોર્સ પૂર્ણ કરેલ હતો તે વિદ્યાર્થીઓ પણ કાર્યક્રમમાં હાજર રહીને કોર્સ દરમ્યાનના જુના સંસ્મરણો એકબીજા સાથે આદાન-પ્રદાન કર્યા હતા. આ સમયે હેલ્થકેર ફાઉન્ડેશનના અધ્યક્ષશ્રી ડૉ.ભરત ભગતે પ્રેક્ષકોને તેમના પ્રેરણાદાયી ઉદબોધનથી વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી હતી. આ કાર્યક્રમમાં બ્લાઈન્ડ સ્કુલ, નવરંગપુરાના સેક્રેટરીશ્રી મિલન દલાલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.
આ કાર્યક્રમ દર્શુ કેર ટ્રસ્ટ તેમજ લાયન્સ કલબ ઓફ સંવેદનાએ પ્રાયોજીત કરીને તારીખ 8 નવેમ્બરની  એક મ્યૂઝીકલ નાઈટનું આયોજન કર્યું હતું. તેમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ધર્મેન્દ્ર જૈનાને ખાસ આમંત્રણ તેમના જન્મદિવસે આપવામાં આવ્યું હતું.



## મુખ્ય પ્રવાહની શાળાઓમાં સમાવેશ



પર્કિન્સ સંમ્મિલિત ટીમે તા. 9 અને 15 નવેમ્બર 2025 દરમ્યાન ગુજરાતનાં પાંચ કેન્દ્રો પૈકી બાવળા, સાયલા, ડીસા, ભૂજ અને નખત્રાણા ખાતે તાલીમ અને મુલ્યાંકન આધારિત મુલાકાત લીધી હતી અને કેન્દ્રોનું પીક્યુએ એસેસમેન્ટ પૂર્ણ કર્યું હતું. તેમજ ટીમે તારીખ 30 અને 31 ઓક્ટોબર 2025નાં રોજ આર્શીર્વાદ વિક્લાંગ ટ્રસ્ટ સાયલા ખાતે બે દિવસની તાલીમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તેમાં 5 કેન્દ્રોનાં 18 શિક્ષકોએ સહ કોઓર્ડિનેટરશ્રીઓએ પણ તાલીમમાં ભાગ લીધો હતો. આ તાલીમ વિવિધ કેન્દ્રોનાં શિક્ષકોની જરૂરીયાતોનાં ઓળખના આધારે ડિઝાઈન કરવામાં આવી હતી. તે વીઆઈએડી ધરાવતાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સેવાઓ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## સિલાઈ સંચા વિતરણ - વારાણસી



ઉત્તરપ્રદેશના વારાણાસીમાં બીપીએ દ્વારા 102 સિલાઈ સંચાઓનું વિતરણ તારીખ 31 ડિસેમ્બર 2025નાં રોજ કરવામાં આવ્યું હતું. આ મહિલાઓ એક મહિનાના ટેલરીંગ-કટીંગ (સિલાઈ-તાલીમ) સફળતાપૂર્ણ પ્રાપ્ત કરી હતી. આમ તેઓ સ્વરોજગાર મેળવીને સમાજમાં સ્વમાનભેર જીવન વ્યતિત કરી શકે છે. આ સિલાઈ સંચાનું અનુદાન અરવિંદ મફતલાલ ફાઉન્ડેશન દ્વારા સહયોગ કરવામાં આવ્યું હતું.

આમ આ એક પહેલ સાથે બીપીએનાં વારાણાસીમાં અત્યાર સુધીમાં કુલ 502 સિવણ સંચાઓનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ઑસસીએશન તેની સેવાઓ નજીકનાં વિસ્તારોમાં વિતરણ પામી રહી છે. તેથી દિવ્યાંગ મહિલાઓ સ્વનિર્ભર થઈને સ્વરોજગારી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે.

## રાહી વિઝન સેન્ટર - ભૂજ મૂલ્યાંકન



સોલેસ કંપનીના સિનિયર કન્સલ્ટન્ટ શ્રી ચેતલ પટેલે તારીખ 13 નવેમ્બર 2025નાં રોજ સાઈટ સેવર્સ વતી તૃતીયપક્ષ તરીકે મૂલ્યાંકન કર્યું હતું. તેમાં ચોલા ભૂજ શાખાનાં સ્ટાફના શ્રીમતી હેતલ આહિર અને શ્રી ભૂમિકા રાજપૂતે પણ મૂલ્યાંકનમાં રહ્યાં હતા.

## ચતુર્માસ સમાપન કાર્યક્રમ



આચાર્યશ્રી સુનિલ સાગરજી મહારાજ સાહેબના ચતુર્માસના સમાપન પ્રસંગે તારીખ 6 નવેમ્બરના બીપીએને રૂ. 1 લાખનો ચેક અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યા હતા.

## બાળ દિવસ ઉજવણી

અમદાવાદ રાઉન્ડ ટેબલ 40 અને અમદાવાદ લેડીઝ સર્કલ 64નાં સંયુક્ત ઉપક્રમે તારીખ 14 નવેમ્બર 2025નાં રોજ બાળદિવસ ઉજવણીમાં બીપીએનાં સ્પે. જરૂરીયાત આધારિત ભૂલકાઓને એક મિનીટની રમત રમાડીને બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ










દિવસે બીપીએના દિવ્યાંગ બાળકોને ગોપી ડાઈનીંગ હોલમાં ગોપીનાં માલિકશ્રી દિલીપભાઈએ સ્વહસ્તે ભોજન પીરસીનેદિવ્યાંગ બાળકોને જમાડ્યા હતા. તેઓ દિવ્યાંગજનો

## રાષ્ટ્રીય પેરા સ્પર્ધા




રાષ્ટ્રીય પેરા સ્વિમીંગ સ્પર્ધા તારીખ 17 થી 21 નવેમ્બર 2025નાં દરમિયાન હૈદરાબાદ તેલગણા ખાતે આયોજીત કરવામાં આવી હતી. તેમાં બીપીએનાં સ્પર્ધકોમાં અતુલ અને જીતેન્દ્રએ ભાગ લીધો હતો.

## માઉન્ટ કાર્મેલ કાર્યક્રમ



માઉન્ટ કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ, અમદાવાદનાં કાર્યક્રમમાં બીપીએ દિવ્યાંગ વિદ્યાર્થીઓને તારીખ 19 નવેમ્બરનાં રોજ આવવા માટે ખાસ આમંત્રણ આપ્યું હતું. દિવ્યાંગજનોને કાર્યક્રમમાં નૃત્ય કલા દર્શાવી હતી. આ સાથે મંડળને ખાસ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓને કેરીયોગ્રાફર દ્વારા બીપીએ વિષે જાણકારી આપી હતી.

## ગુરૂજી પીવાય જન્મજયંતિ ઉજવણી



બીપીએ અને પીવાયસીટી છેલ્લા દોઢ દાયકાથી દિવ્યાંગ વ્યક્તિઓને સશક્ત બનાવવા માટે સમાવેશી વિકાસ પહેલ દ્વારા સહયોગ કરી રહ્યાં છે. તારીખ 5 જાન્યુઆરી 2026ના રોજ ગુરૂજી શ્રી પરમહંસ યોગાનંદની જન્મજયંતિ ઉજવવા માટે પીવાયસીટીએ બીપીએનાં સમુદાયઆઉટરીચ કાર્યક્રમો દ્વારા નવા દિવ્યાંગજનોને કાર્યક્રમમાં 12 હાથલારી, 5 વ્હીલચેર અને 6 ઓર્બિટ ડેઝી પ્લેયર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અહીં બીપીએએ આ દિવસે સમગ્ર પીવાયસીટી પરિવારનાં સમર્થન બદલ આભાર વ્યક્ત કરે છે. દિવ્યાંગજનોને વધુ સશક્ત જીવન અને સ્વરોજગાર અપાવવા પીવાયસીટી કટિબધ્ધરહ્યાં છે.

## બધિરાંધ રમત-ગમત તાલીમ









તારીખ 16 થી 18 ડિસેમ્બરના રોજ નેટવર્ક સદસ્યો (શિક્ષકો, માતાપિતા અને યુવા પુખ્તવયનાં નેટવર્ક માટે રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ 16 મે શ્રવણમંદતા અને બહુવિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓની રમતગમતની પ્રવૃતિઓ ઉપર એક ડેમોસ્ટ્રેશનનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને બધિરાંધપણુ ધરાવતાં વિદ્યાર્થીઓએ સભ્યો સાથે સ્કેટીંગ બોચી જેવી રમતો જેવી વિવિધ રમતગમત પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓને સામેલ કરવા પ્રેરિત કરવામાં આવ્યાં હતા.

## નેવ્યા કંપનીનાં કર્મચારીઓ દિવ્યાંગોનાં સ્વયંસેવકો







નેવ્યા કંપનીના આશરે 100 કર્મચારીઓ તારીખ-21 નવેમ્બરનાં રોજ બીપીએનાં ભૂલકાઓ સાથે રહી તેઓને વિવિધ પ્રવૃતિઓ કરાવી જેમ કે ચેસ, પેપરબેગ, ફુટબોલ, તેઓ સાથે રમ્યા હતા. ખરેખર કંપની પોતાના ઉત્પાદન ક્ષેત્રના કાર્યથી દુર રહીને કર્મચારીઓને એક લેશન પાઠમાં લાગણી, સ્પંદન માનવતાનાં સદ્કાર્યમાં રહ્યા માટે તેઓએ જણાવ્યું હતું. કર્મચારીઓએ બાળકોને મોટીવેશનલ કર્યાં હતાં. સાથ સાથે તેમણે મ્યુઝીક વિઝન ઈન ધ ડાર્ક પણ નિહાળ્યું હતું.



## આંખ જાગૃતિ કેમ્પ નખત્રાણા


નખત્રાણા સ્માર્ટ પોલીસ સ્ટેશન ખાતે બીપીએ-કે.સી.આર.સી ભૂજ અને શ્રી લોહાણા મહાજન તેમજ સાઈટ સેવર ઈન્ડિયાનાં સંયુક્ત ઉપક્રમે તારીખ 21 નવેમ્બર 2025નાં રોજ ટ્રાફિક જાગૃતિ અને માર્ગ સલામતી હેઠળ ટ્રક ડ્રાઈવરો માટે ખાસ નેત્રચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે સાઈટ સેવર ઈન્ડિયા પ્રોજેક્ટનાં પ્રતિનિધિશ્રીએ નખત્રાણા સ્માર્ટ પોલીસ સ્ટેશને કેમ્પનું અવલોકન કર્યું હતું.

## જેકેટ વિતરણ કાર્યક્રમ






નિવૃત આઈ.પી.એસ એસોસીએશન વધુ વર્ષોથી બીપીએની ઉમદા પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરી રહ્યું છે. આ ગૃપ દ્વારા બીપીએને અવાર-નવાર ઘણી વસ્તુઓનું દાન કરે છે. જે વિદ્યાર્થીઓને માટે ખૂબજ ઉપયોગી અને મૂલ્યવાન હોય છે. આ વર્ષે તારીખ 21 નવેમ્બર 2025નાં રોજ શિયાળાનાં સમયે જેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં ગૃપનાં શ્રી એસ.એસ. ખંડવાળા ગુજરાત એક્સ પોલીએસોસીએશનનાં પ્રમુખશ્રી એમ.ઓ.ખમાણી, ઉપપ્રમુખશ્રી એલ.પી.સોલંકી, મહામંત્રીશ્રી ડી.ડી.ચૌહાણ આ કાર્યક્રમનાં મુખ્ય દાતા રહ્યાં હતા તેમજ તેમની સાથે શ્રી એમ.એલ.યાદવ શ્રી જાડેજા, શ્રી અશ્વિનભાઈ, શ્રી રણજીત, શ્રી ભામરે અને શ્રી હાડા રહ્યાં હતાં તેમજ એક શુભેચ્છક તરફથી ફિજીયોથએરાપી સેન્ટરને બે સાયકલ કસરત કરવા માટે ભેટ આપ્યા હતાં.



## સાધન સહાય વિતરણ

આવાસ ફાઉન્ડેશનના નાણાકીય સહયોગથી 29 અસ્થિ વિષયક દિવ્યાંગ વ્યક્તિઓને ઉચ્ચ ગુણવત્તાવાળા કૃત્રિમ સાધનો આપવામાં આવ્યાં હતાં. આ સમયે આવાસનાં અધિકારીશ્રી પણ ઉપસ્થિત રહ્યાં હતા. બીપીએ ટીમે કૃત્રિમ સાધનો બનાવીને તેનું વિતરણ કર્યું હતું અને લાભાર્થીઓને કૃત્રિમ સાધનો કેવી રીતે ઉપયોગી બની રહે તે વિશે ગહન ઉપયોગી તાલીમ આપી હતી.









## મૈત્રી - ફુટબોલ મેચ આયોજન

ગુજરાત બ્લાઈન્ડ ફુટબોલ ટીમ અને તામિલનાડુ બ્લાઈન્ડ ફુટબોલ ટીમ વચ્ચે કિંગ્સ સ્ટાર સ્પોર્ટ્સ એકેડેમી ખાતે તારીખ 30 નવેમ્બર થી 2 ડિસેમ્બર 2025 સુધી ત્રિદિવસીય ફુટબોલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઓપન ચેસ ટુર્નામેન્ટ







ગુજરાત ઓપન ચેસ ટુર્નામેન્ટ દ્વારા બરોડા ખાતે દ્રષ્ટિહીન વ્યક્તિઓ માટે તા. 30 નવેમ્બર 2025નાં રોજ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ હતી.



## જનરલ ડ્યુટી આસીસ્ટન્ટ કોર્સ

બીપીએ સંચાલિત કે.સી.આર.સી ખાતે જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ કોર્સ વાઘબકરી ફાઉન્ડેશનના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે. આ શુભારંભનાં ઉદઘાટન સમારોહમાં ડૉ. બકરાણીયા, ડૉ. ભાનુશાળી, ડૉ.વર્મા, ડૉ.જાડેજા, ડૉ.શાહ તેમજ ટ્રસ્ટીશ્રીઓ અને વોલન્ટીયર્સ હાજર રહ્યાં હતા.
ખાસ કરીને બિમાર વ્યક્તિઓની સાર-સંભાળ અને પથારીવશ વ્યક્તિઓને આ કોર્સથી નોકરીની તકો મળશે.

## સાઉથ કોરીયા મુલાકાતી બીપીએ

બીપીએ ખાતે તારીખ 2 ડિસેમ્બર 2025નાં રોજ કોરિયા પ્રજાસત્તાકનાં દૂતાવાસનાં પ્રથમ સચિવ શ્રીમતી લી.સાંગ હે એ બીપીએની મુલાકાત લીધી હતી. શ્રીમતી અરલીન ખુરાના આર્થિક સહાયક સાથે આરીઝ ખંભાતા બેન્કવેટ ફાઉન્ડેશન દ્વારા ભંડોળ પૂરૂ પાડવામાં આવેલ. તેમજ આઈ બેંક (આંખ સંગ્રહ કેન્દ્ર) ની મુલાકાત લીધી હતી. કોરિયા પ્રજાસત્તાકનાં રાજદૂતશ્રી લી સાંગ હો એ વ્યક્તિગત દાનનો ચેક પણ આપ્યો હતો.



## એવોર્ડ સમારોહ



ગ્રામીણ વિકાસ અને વ્યવસ્થાપન સંસ્થાનાં એવર્ડ સમારોહમાં શ્રી સંતોષ રૂંગટા સુપ્રિમ કોર્ટનાં એડવોકેટ તેમજ જનરલ સેક્રેટરીશ્રી નેશનલ ફેડરેશન ઓફ ધી બ્લાઈન્ડના સ્થાપકશ્રીને તાજેતરમાં વર્લ્ડ બ્લાઈંડ યુનિયનનાં પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ એશિયનને આ પ્રતિષ્ઠિત પદ માટે પસંદગી નિયુક્તિ કરવામાં આવી હોય. આ સત્કાર એવોર્ડ સમારોહ એન.એ.બી. ગુજરાત શાખાએ 28 ડિસેમ્બર 2025નાં રોજ ગાંધીનગર ખાતે શ્રી રૂંગટાનું સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી શ્રીમતી રીટાબેન પટેલ, ધારાસભ્યશ્રી તેમજ ડૉ.ભુષણ પુનાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં શ્રી દિનેશભાઈ વ્યાસ સહિત સમગ્ર ગુજરાતમાંથી આશરે 400 અંધજનો સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમયે વિવિધ એનજીઓનાં વડાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## વોકેશનલ તાલીમ કેન્દ્ર શુભારંભ







માનસિક બિમાર અને બહુવિધ દિવ્યાંગતા ધરાવતાં વ્યક્તિઓ માટેનાં વ્યાવસાયિક તાલીમ એકમનું ઉદઘાટન તારીખ 25 નવેમ્બરનાં રોજ એન.એ.બી સાબરકાંઠા જીલ્લા શાખા ખાતે કરવામાં આવ્યું હતું. આ સેન્ટરનાં ઉદઘાટન સમારોહમાં ડાયેટનાં પ્રિન્સીપાલશ્રી મદનસિંહ ચૌહાણનાં વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. આ સાથે અતિથિ તરીકે ડૉ.ગજેન્દ્રસિંહ ગદરી તેમજ સિવિલ હો ઈડર, ડૉ.અનિલ તબીયલ મનોચિકિત્સક તરીકે હાજર રહ્યાં હતાં સાથે બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્ર શાહ, બીપીએ ટ્રસ્ટીશ્રીઓ રોહિતભાઈ શાહ, ડૉ. ભુષણ પુાનીન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે એસ.બી.ડીનાં સ્થાપક શ્રી પ્રો ભાસ્કરભાઈ મહેતા તેઓની નાદુરસ્ત સ્વાસ્થ્ય છતાં તેઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વાર્ષિક રમત-ગમત ઉત્સવ






વાર્ષિક સંમલ્લિત રમત-ગમત દિવસની ઉજવણી પ્રવિણ મંદાકિની ભગવતી સવિનય સંમ્મિલિત પાઠશાળા બાવળા ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આશરે 400 વિદ્યાર્થીઓએ જુદીજુદી રમતોમાં ભાગ કેળવ્યો હતો. તેમાં 100 મીટર દોડ, ભાલાફેંક, લીંબુ-ચમચી, લાંબો કુદકો, કબડ્ડી, ખો-ખો, ક્રિકેટ જેવી રમતોમાં ભાગ લીધો હતો. આ રમત દરમિયાન વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતાં. અહીં દિવ્યાંગ ભૂલકાઓએ પણ અન્ય સામાન્ય વિદ્યાર્થીઓ સાથે ભાગ લઈને રમતનો આનંદ માણ્યો હતો.

## મફતલાલ ગૃપ દ્વારા સ્વરોજગાર

સ્વરોજગાર એસેસમેન્ટ કેમ્પ તારીખ 29 નવેમ્બરનાં રોજ સાગબારા ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સ્વરોજગારની સહાયનાં જરૂરીયાતમંદ દિવ્યાંગતા ધરાવતાં155 દિવ્યાંગજનોને સહાયની જરૂર હોય તેઓને કેમ્પમાં ચકાસણી કરવામાં આવી હતી અને તેઓનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. સાગબારા કેન્દ્રની મુલાકાતે આવતા બહુવિક્લાંગતા ધરાવતાં 20 વ્યક્તિઓની પણ ચકાસણી કરવામાં આવી હતી. ગ્રામ્ય આદિવાસી વિસ્તારોમાં આવા કેમ્પનાં કાર્યને નવીન ફ્લોરીન ઈન્ટરનેશનલ લિમીટેડ દ્વારા પણ સમર્થન કરી રહ્યાં છે.




## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન- સેશન







બીપીએનાં દિવ્યાંગ ભૂલકાઓનાં તજજ્ઞશ્રી જીજ્ઞા જોશી તેમજ શ્રી આભા જોષીએ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે બહુવિક્લાંગ ભૂલકાઓની દીનચર્યાથી તેઓનાં જીવન વિષયક પુનર્વસન આધારિત તારીખ 29 નવેમ્બર 2025નાં રોજ સેશનમાં ખ્યાલ આપ્યો હતો.

## પોરેચા આંખની હોસ્પિટલ






બીપીએ સંચાલિત પોરેચા આંખની હોસ્પિટલની મુલાકાત ગુજરાત સરકારશ્રીનાં ભૂતપૂર્વ મંત્રીશ્રી શ્રી સૌરભ પટેલે તારીખ 27 નવેમ્બર ના રોજ લીધી હતી.

આ દરમિયાન તેઓએ હોસ્પિટલની કાર્યશૈલી તેમજ દર્દીઓ સાથે આત્મીયતાથી વાતચીત કરી હતી. શ્રી સૌરભભાઈએ આ દરમિયાન વચન આપ્યું હતું કે તેમનો મત વિસ્તાર બોટાદ છે. ત્યાં તેઓ નેત્રચિકિત્સાના કેમ્પને સ્પોન્સર કરશે અને કેમ્પમાં શસ્ત્રક્રિયાનાં દર્દીઓની સર્જરી અને આંખ સબંધિત કેમ્પ ખર્ચ પણ તેઓ ઉઠાવશે. તે પૈકી પ્રથમ કેમ્પ તારીખ 6 ડિસેમ્બર 2025નાં રોજ યોજાયો હતો. જેમાં શ્રી સૌરભભાઈ પટેલ સાથે બીપીએનાં ટ્રસ્ટીશ્રી રોહિતભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## દ્રષ્ટિ અભ્યાસક્રમ




પોરેચા આંખની હોસ્પિટલનાં શ્રી અંકિત પવારે મદુરાઈ ખાતે અરવિંદ આંખની હોસ્પિટલ ખાતે દ્રષ્ટિ કેન્દ્ર વ્યવસ્થાપનનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.

## પદવીદાન સમારંભ



વડોદરા ખાતે આવેલી આઈટીએમ યુનિવર્સીટીનાં દિક્ષાંત સમારોહ કાર્યક્રમમાં બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભુષણપુનાની મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ પદવીદાન સમારોહમાં અન્ય મહાનુભાવોમાં પ્રતિષ્ઠિત ડૉ.નિરજા ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિદ્યાર્થીઓ સાથે સોનુનિગમ



સોનું નિગમ નાઈટ કાર્યક્રમ તારીખ 21 ડિસેમ્બર 2025નાં રોજ યોજાયો હતો. તેમાં દિવ્યાંગજનો જેઓ સંગીત પ્રેમી છે. તેઓને તેમજ વિદ્યાર્થીઓને ખાસ પાસ આપવામાં આવ્યા હતા. સોનુજી વિદ્યાર્થીઓને મળ્યા હતા અને તેમની સાથે ગીત પણ ગાયુ હતું. વિદ્યાર્થીઓને આ પ્રકારનાં સંગીત વિષયક કાર્યક્રમમાં અનેરી તક પ્રાપ્ત થઈ હતી.

## ટેકનોલોજી તાલીમ શિબીર



ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઓફ પીપલ વીથ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટનાં અંધજન કલ્યાણ ટ્રસ્ટ દ્વારા બીપીએ ખાતે દ્રષ્ટિક્ષતિ ધરાવતા વ્યક્તિઓ માટે ટેકનોલોજીનાં અદ્યતન તાલીમનું આયોજન તારીખ 13 અને 14 ડિસેમ્બર 2025નાં રોજ કરવામાં આવ્યું હતું. શિબિરમાં 50 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન સંચાલન શ્રી પ્રફુલ્લભાઈ વ્યાસે કર્યું હતું.

## ચેસ સ્પર્ધા



ભીલવાડાનાં ઝુલા શતરંજ સંઘ દ્વારા આયોજીત દ્વિતીય ભીલવાડા આંતરરાષ્ટ્રીય ઓપન ફીડ રેટીંગ ચેસ ટુર્નામેન્ટ તારીખ 24 થી 29 ડિસેમ્બર 2025 દરમ્યાન આયોજીત થઈ હતી. તેમાં બીપીએના ચેસ ચેમ્પીયનોએ ભાગ લીધો હતો. તેમાં ચાર વિદ્યાર્થીઓ અનિકેત, રાહુલ સહાની, રાહુલ વાઘેલા અને ધ્રુવ ભુવાએ 11-20ની અંદર રેન્ક મેળવીને વિજેતા ઘોષિત થયા હતા. આમ આ ટુર્નામેન્ટમાં ચેસ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ એકાગ્રતાથી રમીને જીત હાંસલ કરી હતી.

## સિવણ સંચા વિતરણ બનાસકાંઠા



29 ડિસેમ્બર 2025નાં રોજ ઉત્તર ગુજરાતનાં વાવ થરાદ ખાતે જિલ્લા કલેક્ટરશ્રી જે.એસ.પ્રજાપતિનાં વરદ્ હસ્તે દિવ્યાંગ મહિલાઓને 21 સિવણ સંચાનું વિતરણ કરવામા આવ્યું હતું. આમ તમામ દિવ્યાંગ મહિલાઓને આ જગ્યા અને સ્વરૂચિ ભોજન શ્રી એમ.એસ વિદ્યા મંદિર દ્વારા આપવામાં આવ્યું હતું. તેઓને ટેલરીંગ અને કટીંગમાં દસ દિવસની સઘન તાલીમ સમસારા ગૃપ દ્વારા પ્રાયોજીત કરવામાં આવી હતી. આ તાલીમ બીપીએ બનાસકાંઠા યુનિટ દ્વારા અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. સમસારા ગૃપ સિલાઈ તાલીમ દ્વારા દિવ્યાંગ જરૂરીયાત મહિલાઓનાં સશક્તિકરણને ખૂબજ દ્રઢ સમર્થન કરી રહ્યાં છે. તેથી ખૂબ જ ટૂંકાગાળામાં બીપીએ 1008 મહિલાઓને સિલાઈ કામમાં તાલીમ આપવા અને મહિલાઓને આજીવિકા કમાવવાના લક્ષ્યને પૂર્ણ કરશે. ગૃપનાં અધ્યક્ષ શ્રી મુકેશ ઓઝા તેમની સતત પ્રવૃતિમય દેશ -વિદેશની ટૂર છતાં તેઓ દરેક ઉદઘાટન તેમજ વિતરણ સમારોહમાં વર્ચ્યુઅલી ઉપસ્થિત રહે છે.

## ક્લસ્ટર તાલીમ



કેન્દ્રિય વિદ્યાલય ખાતે સી.પી.ડી નો તાલીમ કોર્સના શિક્ષકો માટે અસરકારક વર્ગખંડ, વ્યવસ્થાપન અને વ્યવસાયીકરણ અને નિતીશાસ્ત્ર પર તાલીમનાં અભ્યાસક્રમ વર્ગોનું સંચાલન કર્યું હતું. કેન્દ્રિય વિદ્યાલયનાં મેનેજમેન્ટ દ્વારા તેમની રજૂઆત અને કુશળતાને બિરદાવવામાં આવી હતી.

## રાત્રિ મેચ



બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશનના દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓને રાત્રિમેચ સુપ્રસિધ્ધ કન્સ્ટ્રકશન કંપની LCCE એ વર્ષનાં અંતની ઉજવણી કરીને વિદ્યાર્થીઓને સાથે આનંદ માણ્યો હતો અને વિદ્યાર્થીઓને ઈનામ સાથે નાસ્તો પણ આપ્યો હતો.


**BPA Bulletin is issued every quarter**

Phone Fax :(079)26305082, 26304070

Email : : gensecbpa@gmail.com, nandinibpa@gmail.com, bpapublications@gmail.com

Website : : www.bpaindia.org

All donations exempted under Section 80G of the Income Tax Act, 1961

Printed and Issued by: Blind People's Association(India) Ahmedabad-380 015.

Editor: Mrs. Dr.Bhushan Punani, Nandini Rawal, Assisted by: Mr. Bhadresh Jadav, Hasmukh Shrimali

Publication Coordinator: Shri Bipin Mehta, Printing Support : Mr. Naranbhai Prajapati and Mr. Avadh Trivedi


**ONLINE SUPPORT**

HDFC BANK https://www.billdesk.com/hdfc/BPA/hdfc_

VOICE OF SPECIALLY ABLED PEOPLE https://www.voiceofsap.

GlobalGiving https://tinyurl.com/33jc-

blind_peoples_associa-

bpaindia1

bpaindia - Blind People's Association

@bpa_ind

**BPA Bulletin is issued every quarter**

Phone Fax :(079)26305082, 26304070

Email : : gensecbpa@gmail.com, nandinibpa@gmail.com, bpapublications@gmail.com

Website : : www.bpaindia.org

All donations exempted under Section 80G of the Income Tax Act, 1961

Printed and Issued by: Blind People's Association(India) Ahmedabad-380 015.

Editor: Mrs. Dr.Bhushan Punani, Nandini Rawal, Assisted by: Mr. Bhadresh Jadav, Hasmukh Shrimali

Publication Coordinator: Shri Bipin Mehta, Printing Support : Mr. Naranbhai Prajapati and Mr. Avadh Trivedi


## ONLINE SUPPORT

HDFC BANK https://www.billdesk.com/hdfc/BPA/hdfc_

VOICE OF SPECIALLY ABLED PEOPLE https://www.voiceofsap.

GlobalGiving https://tinyurl.com/33jc-

blind_peoples_associa-

bpaindia1

bpaindia - Blind People's Association

@bpa_ind